## વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૬-૧૭
## બાગાયત ખાતુ , ગુજરાત રાજ્ય, ગાંધીનગર
## ૨૪૦૧- પાક કૃષિ વ્યવસ્થા

**પ્રસ્તાવના-**

ગુજરાત રાજ્યએ વિવિધ પ્રકારની આબોહવા અને કુદરતી સ્ત્રોતથી વિવિધતાથી ભરેલ છે. ગુજરાતએ ૧૬૦૦ કિમી લાંબા સમુદ્ર કિનારે સાથે ભારતના પશ્ચિમ કિનારે આવેલું છે. ગુજરાતએ દેશના છ ટકા એટલે કે ૧૯૬ લાખ હેક્ટર ભૌગોલિક વિસ્તાર ધરાવે છે. ગુજરાત રાજ્યમાં 33 જિલ્લાઓ, ૨૪૬ તાલુકા અને ૧૮૫૬૯ ગામોનો સમાવેશ થાય છે. ગુજરાત મે- જૂન જાન્યુઆરી 27° સે 13° C ન્યુનત્તમ તાપમાન અને 45° C ની મહત્તમ સાથે, ઉષ્ણકટિબંધીય અને પેટા ઉષ્ણકટિબંધીય આબોહવા ધરાવે છે. ગુજરાત રાજ્યના સામાન્ય વાર્ષિક વરસાદ ૮૫૨ એમ.એમ. ધરાવે છે, વરસાદની વિવિધતા વાર્ષિક પાક ઉત્પાદકતા ઉપર અસર કરે છે, પરંતુ કેસર-આલ્ફાંસો કેરી, ચીકુ, કેળા, આંમળા જેવા તાજા ફળો, ડુંગળી, બટાટા, વેલાવાળા શાકભાજી પાકો, રોઝ, લીલી, મેરીગોલ્ડ, જાસ્મીન અને સફેદ સુગંધી ફૂલો તેમહ જીરૂં, વરિયાળી, કોથમીર, લસણ અને કાજુ, ઔષધીય અને કુંવાર વેરા, પામારોઝા જેવા સુગંધિત પાકના વિકાસમાં અનુકુળતા અને વિકાસ માટે જરૂરી છે. રાજ્યમાં પિયત, સૂકા અને અર્ધ સૂકા વિસ્તારોમાં પણ બાગાયતી ખેતીની ખૂબ ઉત્તમ તકે રહેલી છે. બાગાયત ખેતી ના વિકાસ માટે બાગાયત ને લગતી મહત્વકાંક્ષી યોજનાઓ વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૬-૧૭ માં સમાવેશ કરવામાં આવેલ છે.

બાગાયત ખાતા ની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ **૨૦૧૬-૧૭** માં ચાલુ કાર્યક્રમો અંતર્ગત રૂ. **૩૪૧૭૧.૦૦** લાખની અને નવા કાર્યક્રમો માટે રૂ. **૧૩૮૫.૪૭** લાખની બજેટ જોગવાઈ મળી કુલ રૂ. **૩૫૫૫૬.૪૭** લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**કાર્યક્રમ વાર જોગવાઈ અને કામગીરી નીચે મુજબ છે.**

**1. નિર્દેશ અને વહીવટઃ-**

જુદા જુદા બાગાયત વિકાસ કાર્યક્રમોના અમલ માટે ઓછામાં ઓછા ર્ક્મચારી વર્ગ સાથે બાગાયત વિભાગ ઊભો કરવામાં આવ્યો છે. બાગાયત પ્રવૃત્તિઓ ના અસરકારક અને ઝડપી વિકાસ માટે રાજ્ય, જિલ્લા અને તાલુકા ક્ક્ષાની ક્ચેરીઓ સંગીન બનાવવા વહીવટી અને તક્નીકી તંત્ર, હિસાબો, અંદાજપત્ર નિયમન અને સંકલન વગેરે સહિત તંત્ર વ્યવસ્થા જાળવવા માટે સને ૨૦૧૬-૧૭ના વર્ષમાં **રૂ. ૯૫૦.૦૦** લાખની જોગવાઈ ચાલુ કાર્યક્રમો માટે તથા મહેકમ માટે નવી યોજનાઓ જેવી કે (૧) અધિક નિયામકશ્રી, બાગાયતની નવી જગ્યા મંજૂર કરવા બાબત (જગ્યા-૧) માટે **રૂ. ૧૪.૦૦** લાખ, (૨) નવરચિત જિલ્લાઓમાં નવરચિત તાલુકા કક્ષાએ જગ્યા મંજૂર નથી તેવા બાકી રહેતા તાલુકાઓમાં બાગાયત અધિકારીઓની નવી જગ્યા મંજૂર કરવા બાબત (જગ્યા-૩૩) માટે **રૂ. ૧૪૫.૦૦** લાખ (૩) રાજ્યમાંથી બાગાયતી પાકોના નિકાસને પ્રોત્સાહન આપવા માટે જરૂરી તંત્ર ઉભું કરવા માટેનો કાર્યક્રમ માટે રૂ. **૫૪.૦૦** લાખ (જગ્યા-૧૪) (૪) નવરચિત ૭ જિલ્લાઓમાં બાગાયત ખાતા હસ્તકની તાબાની કચેરીઓ માટે આઉટ સોર્સીંગથી વાહનો રાખવાનો કાર્યક્રમ માટે **રૂ. ૨૫.૨૦** લાખ (૫) બાગાયત ખાતા હસ્તકની વડી કચેરી માટે નવું વાહન ખરીદવાનો કાર્યક્રમ માટે **રૂ. ૬૦૦** લાખ (૬) બાગાયત ખાતા હસ્તકની જિલ્લા કચેરીઓ (સાબરકાંઠા અને નર્મદા) માં રદ કરેલ વાહનો સામે નવું વાહન ખરીદવાની બાબત માટે **રૂ. ૧૨.૦૦** લાખ એમ કુલ મળી **રૂ. ૨૫૬.૨૦** લાખની જોગવાઇ સુચવેલ છે. આમ કુલ **રૂ. ૧૨૦૬.૨૦** લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૬-૧૭ માટે સૂચવેલ છે.

**૨. સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમઃ-**

રાજ્યમાં બાગાયત વિકાસ માટે વિવિધ સંકલિત વિકાસ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ માટે વાર્ષિક્ વિકાસ કાર્યક્રમ ૨૦૧૬-૧૭ માં ચાલુ કાર્યક્રમો માટે **રૂ. ૧૨૫૦૦.૦૦** લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે. જેમાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે ફળપાક્નો વાવેતર વિસ્તાર વધારવો, આઇ.પી.એમ./આઇ.એન.એમ માટે પ્રોત્સાહન, જુની વાડીનું નવિનીકરણ, ટીસ્યુક્લ્ચર રોપાથી વાવેતર વિસ્તાર વધારવો, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, દરિયાઇ/ હવાઈ માર્ગે ફળ, શાકભાજી, મરી મસાલા, ફૂલ, બિયારણ તથા પ્લાન્ટીંગ મટીરીયલ્સને નિકાસ માટે નુરમાં સહાય, ખેડૂત પ્રવાસ, ખેડૂત શીબીર, સેમિનાર, અપ ગ્રેડેશન ઓફ સ્કીલ સ્ટાફ ટ્રેનિંગ, શેડનેટ ઊભા કરવા, બાગાયતી ફળ પાક/ઔષધિય/સુગંધિત પાકોના પ્રોસેસીંગ/ડીસ્ટીલેશન યુનીટ ઊભા કરવા, વેલાવાળા શાક્ભાજી પાકે માટે કાચા, અર્ધ પાકા તેમજ પાકા માંડવા બાંધવા, ટીસ્યુક્લ્ચર રોપા માટે હાર્ડનીંગ યુનિટ સ્થાપવા, કોલ્ડ સ્ટોરેજ્ બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી, પ્લાસ્ટિક ક્રેટસની ખરીદીનો કાર્યક્રમ, લો કોસ્ટ ગ્રીન હાઉસ સ્થાપવા જેવા ઘટકોનો સમાવેશ ક્વામાં આવેલ છે. તેમજ નવી બાબત તરીકે (૧) પોલીહાઉસ/નેટ હાઉસમાં સોઇલલેસ કલ્ચર

માટે સહાય આપવાનો કાર્યક્રમ માટે રૂ. ૭૫.૦૦ લાખ (૨) નિકાસકારોને બાગાયતી પાકોની ઇરેડીએશન પ્રક્રિયા માટે સહાય આપવાનો કાર્યક્રમ માટે રૂ. ૧૦.૦૦ લાખ (૩) રાજ્ય સરકારના ભંડોળમાંથી બાગાયતી પાકોના ૪(ચાર) નવા સેંટર ઓફ એક્ષેલન્સ મહેકમ સાથે ઉભા કરવા માટે રૂ. ૮૨૦.૦૦ **લાખની** મળી કુલ રૂ. ૯૦૫.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. એમ આ કાર્યક્રમ અંતર્ગત કુલ રૂ. ૧૩૪૦૫.૦૦ લાખની જોગવાઇ સૂચવવામા આવેલ છે.

**૩. આદિજાતિ વિસ્તારમાં ( ટીએએસપી) બાગાયત વિકાસ કાર્યક્રમ:-**

આ કાર્યક્રમમાં આદિજાતિ જિલ્લાઓમાં ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો તથા ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવાની પ્રવૃત્તિઓનો આ યોજનામાં સમાવેશ થાય છે. આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૬-૧૭ માં રૂ. ૨૫૦૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે. આ ઉપરાંત ઇયર માર્ક પ્રોવિઝ્ન ટીએએસપી (સ્પેસીયલ ફોર ડાંગ જિલ્લો) માટે રૂ. ૫૦.૦૦ લાખ અને ટી.એ.એસ.પી. ન્યુ ગુજરાત પેટર્ન માટે રૂ. ૧૬૦.૦૦ લાખની જ઼ોગવાઇ સુચવેલ છે.

આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે, ફળપાક્નો વાવેતર વિસ્તાર વધારવો, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, સેન્દ્રિય ખેતીનો વાવેતર વિસ્તાર વધારવો, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાક્ભાજી પાકો માટે કાચા, અર્ધ પાકા તેમજ પાકા માંડવા બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જ઼ેવા ઘટકનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં નવી બાબત તરીકે અનૂસૂચિત જન. જાતિના ખેડૂતોને શાકભાજી/મસાલા પાકોના ઇનપુટ્સ કીટ આપવાનો કાર્યક્રમ અંતર્ગત રૂ. ૧૦૦.૦૦ લાખ ની જોગવાઇ એમ કુલ મળી રૂ. ૨૮૧૦.૦૦ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૬-૧૭ માટે સૂચવેલ છે.

**૪. અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસસીએસપી) હેઠળ બાગાયત વિકાસ કાર્યક્રમ:-**

આ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો તથા ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવા ની પ્રવૃત્તિઓ નો આ યોજનામાં સમાવેશ થાય છે. આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૬-૧૭ માં રૂ. ૯૦૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે, ફળપાક્નો વાવેતર વિસ્તાર વધારવો, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, સેન્દ્રિય ખેતીનો વાવેતર વિસ્તાર વધારવો, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાક્ભાજી પાકે માટે કાચા, અર્ધ પાકા તેમજ પાકા માંડવા બાંધવા, કાપણીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં નવી બાબત તરીકે અનૂસૂચિત જાતિના ખેડૂતોને શાકભાજી/મસાલા પાકોના ઇનપુટ્સ કીટ આપવાનો કાર્યક્રમ અંતર્ગત રૂ. ૧૦૦.૦૦ લાખ ની જોગવાઇ એમ કુલ મળી રૂ. ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૬-૧૭ માટે સૂચવેલ છે.

**૫. ફળ અને શાકભાજીની જાળવણી અને તાલીમની યોજના:-**

ફળ અને શાક્ભાજીની જાળવણી અને ડબ્બાબંધી કાર્યક્રમ વિકાસ સાથે ગતીમાં ન રહેતો બાગાયત વિકાસ ક્યારેય આર્થિક રીતે નફાકારક ન બને. પૂરતા પ્રમાણમાં જ્યારે શાકભાજી અને ફળો ઉપલબ્ધ થાય ત્યારે તેની જાળવણી કેવી રીતે કરવી તેનું શિક્ષણ મહિલાઓને આપવા માટે ૧૭ સામુહિક ડબ્બાબંધી અને બગીચા કેન્દ્રો ની સ્થાપના કરવામાં આવી છે. ફળ અને શાકભાજીની જાળવણીની રીતો બનાવવા માટે કેન્દ્ર પર ગ્રામીણ વિસ્તારમાં ૭ થી ૧૫ દિવસના ટૂંકા ગાળાના તાલીમ વર્ગો યોજ઼વામાં આવે છે. મોબાઇલ તાલીમ કેન્દ્ર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને સ્વનિર્ભર કરવા માટે પણ આ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૬-૧૭ માં રૂ. ૧૦૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**૬. સુગંધિત / ઔષધિય છોડ અને ફૂલોની ખેતી ના વિકાસની યોજના:-**

ગુજરાતની કૃષિ આબોહવાની વિવિધતા ને લીધે વિવિધ પ્રકારના સુગંધિત/ઔષધિય છોડ અને ફૂલોની ખેતી થાય છે. જે નિકાસમાં અને ઘરેલું વપરાશમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. ગુજરાતને મૂલ્યવાન ફૂલોનો ખજાનો ગણવામાં આવે છે. ખેડૂતોના સામાજિક ઉત્કર્ષ માટે ખુબજ અગત્યનો છે. તેને અલગ અને વિશિષ્ટ રીતે ઓળખવા જરૂરી છે. ફૂલ છોડના ઉછેર માટે તથા ઔષધિય

તેમજ સુગંધિત વનસ્પતિઓને જરૂરી પ્રોત્સાહન મળે તે આશયથી આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૬-૧૭માં **રૂ. ૧૧૦.૦૦** લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે ફૂલ પાકનો વાવેતર વિસ્તાર વધારવો, સુગંધિત/ ઔષધિય પાકનો વાવેતર વિસ્તાર વધારવો વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

**૭. ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કે.પુ. યોજના (નારિયેળી વિકાસ કાર્યક્રમ):-**

નારિયેળી વિકાસ કાર્યક્રમ ૫૦ ટકા કેન્દ્રના અને ૫૦ ટકા રાજ્યના હિસ્સાની યોજના છે. આ કાર્યક્રમ માટે સને ૨૦૧૬-૧૭માં કેન્દ્રના હિસ્સાના **રૂ. ૧૧.૦૦** લાખની અને રાજ્યના હિસ્સાના **રૂ. ૧૧.૦૦** લાખની જોગવાઈ તથા ૧૦૦ ટકાના કેન્દ્રના ઘટક્ના **રૂ. ૩૫.૦૦** લાખ સુચવવામાં આવેલ છે એમ કુલ મળી **રૂ. ૫૭.૦૦** લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૬-૧૭ માટે સૂચવવામાં આવેલ છે.

આ યોજ્નામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે નારિયેળીનો વાવેતર વિસ્તાર વધારવો, નારિયેળી પાક નિદર્શન, સેન્દ્રિય ખાતર યુનિટ તૈયાર કરવા, નારિયેળી નર્સરી ની સ્થાપના જેવા ઘટકોનો સમાવેશ કરેલ છે.

**૮. ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કે.પુ. યોજના- મિશન ઓન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર- સામાન્ય, એસસીએસપી અને આદિજાતિ કેટેગરીના ખેડૂતો માટે (નેશનલ હોર્ટીક્લ્ચર મિશન ):-**

નેશનલ હોર્ટીક્લ્ચર મિશનમાં બાગાયત વિકાસ માટે જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. જેમ કે પ્લાન્ટેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ, નર્સરી ડેવલપમેન્ટ, એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ન્યુ ગાર્ડન્સ, ક્રીએશન ઓફ વોટર રિસોર્સીંગ, પ્રોટેક્ટેડ ક્લ્ટીવેશન, આઇપીએમ/આઇએનએમ પ્રમોશન, પોસ્ટ હાર્વેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, માર્કેટીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટે નેશનલ હોર્ટીક્લ્ચર મિશન દ્વારા **રૂ. ૧૬૮૦૦.૦૦** લાખની જોગવાઇ (**૬૦ ટકા કેન્દ્ર**ના અને **૪૦ ટકા રાજ્યના** હિસ્સા) મુજબ સૂચવેલ છે. જે મુજબ આ કાર્યક્રમ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૬-૧૭ માં ચાલુ બાબત તરીકે (૧) કેંદ્રના ૬૦ ટકા હિસા મુજબ **રૂ. ૭૮૬૨.૪૦** લાખ તેમજ રાજ્યના ૪૦ % મુજબ **રૂ. ૫૨૪૧.૬૦** લાખની જોગવાઈ એમ કુલ મળી **રૂ. ૧૩૧૦૪.૦૦ લાખ** (સામાન્ય કેટેગરી ખેડૂતો માટે), (૨) **રૂ. ૭૦૫.૬૦** લાખ કેંદ્રના હિસ્સાના ૬૦ ટકા તેમજ રાજ્યના ૪૦ % મુજબ **રૂ. ૪૭૦.૪૦** લાખની જોગવાઈ એમ કુલ મળી **રૂ. ૧૧૭૬.૦૦** લાખ (**એસસીએસપી** કેટેગરી ખેડૂતો માટે) તેમજ (૩) **રૂ. ૧૫૧૨.૦૦** લાખ કેંદ્રના હિસ્સાના ૬૦ % તેમજ રાજ્યના ૪૦% મુજબ **રૂ. ૧૦૦૮.૦૦** લાખની જોગવાઈ એમ કુલ મળી **રૂ. ૨૫૨૦.૦૦** લાખ (**ટીએસપી** કેટેગરી ખેડૂતો માટે) ની જોગવાઇ  સુચવવામાં આવેલ છે.

**૯. અંક્તિ જોગવાઈ માહિતી અને પ્રોધ્યાગીકી (આઇ.ટી.):-**

માહિતી ટેકનોલોજી માટે હાર્ડવેર, કોમ્પ્યુટર સિસ્ટમ ખરીદવા, ર્કમચારીઓને તાલીમ આપવા માટે, અદ્યતન માહિતી અને ટેકનોલોજી વિક્સાવવા, વેબ સાઈડ અદ્યતન કરવા જેવી બાબતો માટે સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે **રૂ. ૪૪.૦૦** લાખની ઇયર માર્ક જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**૧૦. અંક્તિ જોગવાઈ વર્ક્સ (આર & બી):-**

આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ માં નવી બાબત તરીકે નાયબ બાગાયત નિયામક, સુરતની કચેરીના રીનોવેશન/ મેઇન્ટેનન્સ માટે રૂ. ૨૪.૨૭ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.